# ૩. જય ! જય ! ગરવી ગુજરાત !

**નર્મદ**

મૂળ નામ નર્મદાશંકર લાલશંકર દવે. તેમનો જન્મ ૨૪ ઑગસ્ટ, ૧૮૩૩ના રોજ સુરતમાં થયો હતો. તેઓ કવિ, નિબંધકાર, આત્મકથાકાર, નાટ્યસંવાદલેખક, કોશકાર, પિંગળકાર, સંપાદક અને સંશોધક હતા. અર્વાચીન સાહિત્ય યુગનો પ્રારંભ નર્મદથી થયો. ૨૩ વર્ષની ઉંમરથી કાવ્યલેખનની શરૂઆત કરી હતી. ૧૮૫૮માં કલમને ખોળે માથું મૂકી શિક્ષકની નોકરીમાંથી હંમેશ માટે મુક્તિ મેળવી. તેમના નોંધનીય પુસ્તકોમાં 'નર્મગદ્ય' નિબંધસંગ્રહ, 'નર્મકવિતા' કાવ્યસંગ્રહ, 'નર્મકોશ', 'મારી હકીકત' આત્મકથા, વગેરેનો સમાવેશ થાય છે. 'દાંડિયો' નામના પાક્ષિક દ્વારા તેમના સુધારાવાદી વિચારો રજૂ કર્યા. જય ! જય ! ગરવી ગુજરાત !' તેમનું ખૂબ જ પ્રચલિત કાવ્ય છે. ૨૫ ફેબ્રુઆરી, ૧૮૮૬ના રોજ મુંબઈમાં તેમનું અવસાન થયું.

**સૂર કૃતિનો**

ગુજરાત રાજ્યની ગૌરવગાથા વર્ણવતાં આ કાવ્યમાં રાષ્ટ્રપ્રેમની અનુભૂતિ કવિ આપણને કરાવે છે. સ્નેહ અને શૌર્યનાં પ્રતીક સમો ધ્વજ ગુજરાતના યુવાનોને પ્રેમભક્તિની રીત સમજાવીને દેશની શાન જાળવવાની પ્રેરણા આપે છે.


જે રીતે ભારતની ચારેય દિશામાં કુદરત ભારતીયોનું રક્ષણ કરે છે તે રીતે ગુજરાતની ઉત્તરમાં અંબામાતા, પૂર્વે કાળીમાતા, દક્ષિણે કુંતેશ્વર મહાદેવ અને પશ્ચિમે સોમનાથ અને દ્વારકાધીશ સાક્ષાત ગુજરાત રાજ્યની સહાય માટે અડીખમ છે.

પ્રકૃતિએ પણ ગુજરાતને ખોબેખોબા ભરીને સંસ્કૃતિ, સમૃદ્ધિ અને સુંદરતાનું દાન કર્યું છે. આની સાક્ષી તાપી, નર્મદા, મહી વગેરે નદીઓ અને સમુદ્ર પૂરે છે. પર્વતો જાણે દેશના વીર સપૂતો બની ગુજરાતને આશિષ સાથે વરદાન આપે છે.

જય ! જય ! ગરવી ગુજરાત !
જય ! જય ! ગરવી ગુજરાત !

દીપે અરુણું પરભાત,
ધ્વજ પ્રકાશશે ઝળળળ કસુંબી, પ્રેમશૌર્યઅંકિત,
તું ભણવ ભણવ નિજ સંતતિ સહુને પ્રેમભક્તિની રીત –
ઊંચી તુજ સુંદર જાત,
જય ! જય ! ગરવી ગુજરાત !

ઉત્તરમાં અંબામાત,
પૂરવમાં કાળીમાત,
છે દક્ષિણ દિશમાં કરંત રક્ષા કુંતેશ્વર મહાદેવ,
ને સોમનાથ ને દ્વારકેશ એ પશ્ચિમ કેરા દેવ.
છે સહાયમાં સાક્ષાત્
જય ! જય ! ગરવી ગુજરાત !



નદી તાપી નર્મદા જોય,
મહી ને બીજી પણ જોય,
વળી જોય સુભટનાં જુદ્ધરમણ ને, રત્નાકર સાગર,
પર્વત પરથી વીર પૂર્વજો દે આશિષ જયકર:
સંપે સોહે સહુ જાત;
જય ! જય ! ગરવી ગુજરાત !

તે અણહિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસિંગ;
તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત !
શુભ શકુન દીસે; મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત;
જન ઘૂમે નર્મદા સાથ
જય ! જય ! ગરવી ગુજરાત !

### માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કાવ્યના અધ્યાપનની શરૂઆતમાં વિદ્યાર્થીઓને ગુજરાત રાજ્યની ઐતિહાસિક, સાંસ્કૃતિક, સામાજિક, સાહિત્યિક, ધાર્મિક અને ભૌગોલિક ભૂમિકાથી પરિચિત કરી શકાય.

આપણા દેશના સ્વાતંત્ર્ય સંગ્રામના સૂત્રધાર મહાત્મા ગાંધી, સરદાર પટેલ વગેરે વિશે પ્રશ્નો પૂછીને અન્ય સપૂતોની માહિતી આપી શકાય.

ગુજરાત રાજ્યના સાંસ્કૃતિક વારસા પર વિશેષ પ્રકાશ પાડીને વિદ્યાર્થીઓને ગુજરાત અને ગુજરાતી ભાષા માટે જાગૃત કરી શકાય.

કુદરતે કરેલી મહેરનો પરિચય કરાવતી વખતે ભારત દેશની સીમા અને ગુજરાત રાજ્યની સીમાની તુલના કરાવી શકાય. રાષ્ટ્રભક્તિ માટે વિદ્યાર્થીઓને પ્રેરિત કરી શકાય.

**સ. ૧.** **નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) સૂર્ય (૨) સંતાન (૩) મદદ (૪) પિતૃ

(૫) દરિયો (૬) સરિતા (૭) જલદી (૮) આશીર્વાદ

**સ. ૨.** **અર્થ બદલ્યા વિના વાક્યને નકારાત્મક બનાવો :**

(૧) શુભ કાર્યોમાં શુકન કરો તો ફાયદો થાય.

(૨) સાગનું લાકડું ઊંચી જાતનું હોય છે.

(૩) ઘરમાં સંપ હોય તો બધા સુખી રહે.

(૪) રમતમાં બધાં જીતની જ ઇચ્છા રાખે.

(૫) વડીલોના આશિષથી સફળતા મળે.

(૬) સૂર્ય પ્રભાતે ઊગે છે.

**સ. ૩.** **શબ્દસમૂહ માટે કૌંસમાંના શબ્દોમાંથી એક શબ્દ પસંદ કરો :**

**(કસુંબી, જુદ્ધરમણ, પ્રેમશૌર્યઅંકિત, અણહિલવાડ)**

(૧) ગુજરાતની જૂની રાજધાની – આજનું પાટણ – ______________________________

(૨) યુદ્ધમાં રમણે ચડેલો લડવૈયો – ______________________________

(૩) કસુંબલ રંગનું – ______________________________


(૪) સ્નેહ અને શૌર્યના પ્રતીક સમું – ______________________________

**સ. ૪.** **પૂરવ – પૂર્વ અને પરભાત – પ્રભાત આ બંને શબ્દોમાં અર્ધો 'ર' જુદી રીતે દર્શાવ્યો છે. તેવા બીજા કોઈપણ ચાર-ચાર શબ્દો લખો :**

(૧) ' ' ' રેફવાળા – ___________, ___________, ___________, ___________

(૨) શબ્દની નીચે '્ર' વાળા – ___________, ___________, ___________, ___________

**સ. ૫.** **નમૂના પ્રમાણે જુદાજુદા અર્થ લખો :**




**સ. ૬.** **નામ લખો :**

(૧) ગુજરાતની નદીઓ – ________________________________________

(૨) ગુજરાતના સપૂતો – ________________________________________

**સ. ૭. યોગ્ય રીતે જોડો :**

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| (૧) ઉત્તરે | (અ) કુંતેશ્વર |
| (૨) દક્ષિણે | (આ) સોમનાથ |
| (૩) પૂર્વે | (ઇ) અંબામાતા |
| (૪) પશ્ચિમે | (ઈ) કાળીમાતા |

**સ. ૮. નીચેના અર્થ દર્શાવતી પંક્તિ લખો :**

(૧) સ્નેહ અને વીરતાનાં પ્રતીકરૂપી ધ્વજ ઝળહળશે.

(૨) દેશની પ્રગતિ માટેનાં સારાં શુકન થઈ રહ્યાં છે.

(૩) આપણા બહાદુર વડવાઓના આશિષ મળી રહ્યા છે.

(૪) પાટણની પ્રભુતા અને સિદ્ધરાજ જયસિંગને ગુજરાત ક્યારેય નહિ ભૂલે.

**સ. ૯. ખાલી જગ્યામાં કવિતામાંથી યોગ્ય શબ્દ લખો :**

(૧) તું ભણવ ભણવ નિજ _________________ સહુને પ્રેમભક્તિની રીત.

(૨) પર્વત પરથી વીર _________________ દે આશિષ જયકર.

(૩) જય ! જય ! ગરવી _________________.

(૪) વળી જોય સુભટનાં _________________ ને, રત્નાકર સાગર.

**સ. ૧૦. લખો :**

(૧) કાવ્યમાં ઉલ્લેખાયેલ ઐતિહાસિક વીર - ______________________________

(૨) પ્રેમ અને શૌર્યથી અંકિત થયેલ - ______________________________

(૩) દક્ષિણ દિશામાં ગુજરાતની રક્ષા કરનાર - ______________________________

(૪) ઝળહળતા ધ્વજનો રંગ - ______________________________

**સ. ૧૧. જાતિ બદલો :**

(૧) કવિ (૨) લેખક (૩) અભિનેતા

(૪) શિક્ષિકા (૫) સેવિકા (૬) નિર્દેશિકા

**સ. ૧૨. સંધિ કરો :**

(૧) સિંહ + આસન = ________________

(૨) મત + અંતર = ________________

(૩) ધર્મ + અંધ = ________________

સ. ૧૩. કાવ્યમાંથી શોધીને યોગ્ય વિશેષણ લખો :

(૧) ગુજરાત (૨) પરભાત (૩) જાત

(૪) શુકન (૫) પૂર્વજો (૬) દેવ

સ. ૧૪. પ્રસ્તુત કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.

★ વિદ્યાર્થીઓના જૂથ પાડીને નીચેના વિષય પર ચર્ચા કરો :

(૧) ગુજરાતના ઉદ્યોગપતિઓ (૨) ગુજરાતના દાતાઓ

(૩) ગુજરાતના નેતાઓ (૪) ગુજરાતના ખેલાડીઓ

## પ્રકલ્પ

★ 'ગુજરાત' વિશેના 'સાંઈરામ દવે'નાં કોઈપણ ચાર કાવ્યો શોધીને નાની પુસ્તિકા તૈયાર કરો.

## લેખન કૌશલ્ય

★ 'લહેરાતો તિરંગો' વિશે ૮ થી ૧૦ લીટીમાં નિબંધ લખો.

## વિશેષ વાંચન

### ચિરકાળના મિત્રો

મંદિરમાં હું મોટે ભાગે જતો નથી. કોઈ પણ બુકસ્ટોલ મારે માટે મંદિરની ગરજ સારે છે. પુસ્તક-ઘરમાં જઈએ ત્યારે આપણે કેટલીયે સદીઓ સાથે મુલાકાત લેતા હોઈએ તેમ લાગે છે. કેટલાંય એવાં પુસ્તકો છે કે જેમણે આપણા જીવનના અનેક તબક્કે આનંદ આપ્યો હોય છે, તો કેટલીક કૃતિઓ એવી હોય છે કે જેણે જીવન પ્રત્યેનો આપણો અભિગમ બદલી નાખ્યો હોય. એક પુસ્તક વાંચ્યા પછી આપણે એના એ રહેતા નથી; આપણામાં કશુંક ઉમેરાય છે, કંઈક જે નકામું પડ્યું હોય એની બાદબાકી થાય છે. પુસ્તક આપણા લોહીમાં ભળી જાય છે, આપણાં ચૈતન્યનું સંવર્ધન કરે છે.

પુસ્તકો આપણી એકલતા દૂર કરે છે, આપણા એકાંતને સમૃદ્ધ કરે છે. માતાની જેમ એ આપણું જતન કરે છે, પિતાની જેમ છત્રછાયા આપે છે. પુસ્તકો આપણા ચિરકાળના મિત્રો છે. એમનો સહવાસ આપણે જ્યારે પણ માગીએ, ત્યારે ભાવથી તે આપણને ભેટે છે. આ સંબંધ કદીયે વણસતો નથી. જે માણસ પુસ્તકોની વચ્ચે રહે છે, તે જિંદગી આખી બગીચાની વચ્ચે જ બેઠો હોય છે. સ્થૂળ વૈભવ અને સૂક્ષ્મ વૈભવ વચ્ચેનો ભેદ એને સમજાય છે.

– સુરેશ દલાલ

7DPGAT

મા અને માતૃભૂમિ સ્વર્ગથી પણ મહાન છે.